Aparajitha

# સફળતાનાં બીજ

## ત્રિમાસિક સમાચારપત્રક

## એપ્રિલ-જુન-૨૦૧૯




જાગૃતિ દ્વારા પરિવર્તન

**30**

**અંક**

ખાનગી વિતરણ માટે

## વિગત પાના નં.


નમસ્તે!....................................................૨

એક કરોડ વિદ્યાર્થીઓ અને આગળ ગણતરી ચાલુ છે................................૩

હિમાચલપ્રદેશમાં ટીટીટી...................૪

તેઓ શીખ્યા; મેં પણ શીખ્યું................૫

જીવનમાં શ્રેષ્ઠતા માટે જીવન કૌશલ્યો..૬

શ્રેષ્ઠ પ્રદર્શનકારકો દ્વારા સ્વયંસેવા.......૭

પડઘા!.......................................................૮



અપરાજિથા ફાઉન્ડેશન
૫એ, વી.પી. રાથિનસામી રોડ
બીબી કુલમ,
મદુરાઈ -૬૨૫૦૦૨

૦૪૫૨- ૪૩૭૫૨૫૨

info@aparajitha.org


# નમસ્તે!

પૃથ્વી પર વહેતા પાણીનો લાભ તેની આસપાસના જન-જીવનને થાય છે. જયારે તે કોઈ નાના પ્રવાહ, નદી કે નહેરમાં પરિવર્તિત થાય છે ત્યારે તે વધુ જીવોને મદદરુપ થાય છે. તેવી જ રીતે, "થલિર થીરન થિત્તમ" જેણે નમ્રતાપૂર્વક શરૂઆત કરી થોડા વિદ્યાર્થીઓને લાભ આપ્યો હતો, તે હવે એક કરોડથી વધુ વિદ્યાર્થીઓ સુધી પહોંચી ગયુ છે. આ અંકના પ્રથમ ભાગમાં આ આશ્ચર્યજનક અને હેતુપૂર્ણ મુસાફરીનું વિહંગાવલોકન દર્શાવેલ છે. ભારતના દક્ષિણ ભાગમાં જેની શરુઆત થઈ, તે ઉત્તરીય ખૂણે હિમાલય સુધી પહોંચી ગયુ છે. બીજો ભાગ ટીટીટીના નવા ગંતવ્ય વિશે વધુ વિગતો પ્રદાન કરે છે.

શીખવું તે દ્વીમાર્ગીય પ્રક્રિયા છે. આ સત્યની અનુભૂતિ આ અંકના ત્રીજા ભાગમાં એક સ્વયંસેવક દ્વારા થઈ છે. અંકના અન્ય બે ભાગ આપણને જણાવે છે કે, બીજી બે સંસ્થાઓએ તેમના વિસ્તારમાં સુધારો લાવવા TTT નું અમલીકરણ કેવી રીતે કર્યું.

આ બધુ વાંચો ...
તમારા વિચારો અને લાગણીઓ જણાવો ...
તમારા મિત્રોમાં આનો પ્રસાર કરો ...


તમારા નિરંતર સહકાર અને સૂચનો આવકાર્ય છે.

**સંપાદકીય ટીમ**

"થલિર થીરન થિત્તમ" (ટીટીટી) ૭ થી ૧૨ ધોરણના વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય અંગેના શિક્ષણ શીખવાની તક આપે છે. કે જે આધારિત છે તે ૧૦ જીવન કૌશલ્યનું લીસ્ટ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝશન (WHO) કે જેમણે એવા પાઠોની રજૂઆત કરી છે કે જે બાળકોને ખુશનુમા વાતાવરણમાં શીખીને પોતાને સંકળાયેલ રાખી શકે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે હેન્ડબુકનો ઉપયોગ કરવામાં આવે છે અને શિક્ષકો તેનો ઉપયોગ કરીને બાળકોને શીખવાડે છે જયારે હાઈસ્કૂલ અને હાયર સેકન્ડરીના વિદ્યાર્થીઓને ડીવીડી દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. આ કાર્યક્રમનો હેતુ વિદ્યાર્થીઓને જવાબદાર બનાવવાનો છે. જે ૨૦૦૮-૨૦૦૯માં ૫ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શરુ કરવામાં આવ્યો હતો. ૨૦૦૯-૨૦૧૦ આગળ વધારવામાં આવ્યો હતો. તામિલનાડુમાં તામિલનાડુ સરકારના શિક્ષણ વિભાગ દ્વારા આને માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફેલાવવામાં આવ્યો હતો. પાછળથી તે પ્રાથમિક સરકારી શાળાઓ અને ખાનગી શાળાઓમાં પણ વધારો કરવામાં આવ્યો હતો, કે જે TTT ટીટીટી માં રસ ધરાવે છે. હાલમાં તે નવો કાર્યક્રમ ૬ રાજ્યોમાં ચાલે છે -**તામિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ અને હરિયાણા.**

# એક કરોડ વિદ્યાર્થીઓ અને આગળ ગણતરી ચાલુ છે...

“થલિર થીરન થિત્તમ” કાર્યક્રમની શરૂઆત શૈક્ષણીક વર્ષ ૨૦૦૮-૦૯ માં કરવામાં આવી, જેના અંતર્ગત જાગૃતિ દ્વારા પરિવર્તનશીલ બદલાવ લાવવા માટે તમિલનાડુની પાંચ શાળાના ૪૬૫ વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય શિક્ષણ આપવામાં આવ્યું. વિદ્યાર્થીઓ પર લાભદાયી અસરની પ્રશંસા કરતા, શ્રી ધિમંત અને કુ.દેવાંશી એ ટીટીટીને ગુજરાતમાં ફેલાવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. 'ટિમ ટિમ તારા' કાર્યક્રમની ગુજરાતી આવૃત્તિને શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩ની શરૂઆતમાં ૧૦૦ શાળાઓને આપવામાં આવી હતી. તે પછી, રાજસ્થાન સરકારના શિક્ષણ મંત્રાલયની મદદથી, 'ટિમ ટિમ તારે' કાર્યક્રમની હિન્દી આવૃત્તિને રાજસ્થાનની ૧૪૧૧ શાળાઓમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮માં અમલમાં મૂકાયો હતો. તે જ વર્ષે, ઇન્દોરના ઝોનલ કમિશ્નરની મદદથી, ટીટીટી કાર્યક્રમને ઇન્દોર (મધ્યપ્રદેશ)માં ૨૦૦ શાળાઓમાં શરૂ કર્યો હતો. ઉત્તરપ્રદેશમાં પણ ૫૦ શાળાઓએ ટીટીટી કાર્યક્રમ અમલમાં મૂકાયો હતો. હરિયાણા સરકારના શિક્ષણ વિભાગે ૨૪૪ શાળાઓમાં ટીટીટી કાર્યક્રમનું અમલીકરણ કરવા માટે આગેવાની લીધી હતી.




૨૦ જાન્યુઆરી ૨૦૧૮ ના રોજ, હરિયાણામાં ‘ટિમ ટિમ તારે’ કાર્યક્રમને એડ્યુસેટ દ્વારા ઉપગ્રહ તકનીકનો ઉપયોગ કરીને પ્રસારિત કરવામાં આવ્યો હતો. પરિણામે, ૧0000 શાળાઓમાં અભ્યાસ કરતા ૨,૫૦,૦૦૦ વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય શિક્ષણ આપવામાં આવ્યું હતું. આ પ્રયાસ સફળ સાબિત થયા પછી, શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન જીવન કૌશલ્ય પરના પાઠો ગુજરાત અને હરિયાણામાં એડ્યુસેટ દ્વારા પ્રસારિત કરવામાં આવ્યા હતા. ૭૩,૨૮૦ શાળાઓમાંથી ૯૧,૧૦,૦૦૦ વિદ્યાર્થીઓને ફાયદો થયો. તે જ સમયે, તામિલનાડુ, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશમાં ૫૯૧૫ શાળાઓના ૯,૪૪,૮૯૫ વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા મૌખિક સત્ર દરમિયાન જીવન કૌશલ્ય શિક્ષણની તાલીમ આપવામાં આવી હતી. સંક્ષેપમાં શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯માં, **૬ વિવિધ રાજ્યોમાં ૭૩,૨૮૦ શાળાઓમાં ૧,૦૦,૫૪,૮૯૫ વિદ્યાર્થીઓને જીવન કુશળતાની તાલીમ આપવામાં આવી હતી.** આગામી શૈક્ષણિક વર્ષોમાં ટીટીટીને ઘણા બધા રાજ્યો સુધી પહોંચાડવામાં આવશે; વધુ કરોડો વિદ્યાર્થીઓને ફાયદો થશે.

*-ટી એ પદ્મનાભન*

# હિમાચલપ્રદેશ માં ટીટીટી



તામિલનાડુ, ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને હરિયાણાના રાજ્યો પછી, ટીટીટીની જીવન કૌશલ્ય શિક્ષણ હવે શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦થી હિમાચલપ્રદેશના વિદ્યાર્થીઓને પ્રદાન કરવામાં આવશે. ૫ માર્ચ ૨૦૧૯ ના રોજ હરિયાણા સરકારના વતી શ્રી.આશીષ કોહલી એચ.એ.એસ., પ્રોજેક્ટ નિયામક, શાળા શિક્ષણ સંકલિત યોજના દ્વારા અને અપરાજિથા વતી ટી. એ. પદ્મનાભન, વડા, શૈક્ષણિક પહેલ દ્વારા એમઓયુ / સમજણપત્ર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર મુજબ, ટીટીટીની  હિન્દી આવૃત્તિ 'ટિમ ટિમ તારે' ને ૧૦,૦૦૦ શાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના તબક્કાવાર અમલમાં મુકવામાં આવશે. પ્રથમ તબક્કામાં, વર્ષ ૨૦૧૯-૨૦માં આ કાર્યક્રમ ૨૫૦૦ શાળાઓમાં અમલમાં આવશે. દર અઠવાડિયે એક કલાક ધોરણ ૬-૧૨ ના તમામ વર્ગોમાં જીવન કૌશલ્ય શિક્ષણ ઉપલબ્ધ કરાવવામાં આવશે.



અસરકારક અમલીકરણની ખાતરી કરવા માટે, શિક્ષક તાલીમ સત્રો પ્રદાન કરવામાં આવશે. પ્રથમ પગલા તરીકે, ૫ માર્ચ ૨૦૧૯ના રોજ રાજ્ય સ્તરે શિક્ષક પ્રશિક્ષકો માટે એક કાર્યશાળાનું શિમલામાં આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાદેશિક સંશોધન કેન્દ્ર અને શિક્ષક તાલીમ સંસ્થાઓમાં કામ કરતા ૫૫ શિક્ષકોએ તાલીમમાં ભાગ લીધો હતો. 'ટિમ ટિમ તારે' ના હિમાચલ પ્રદેશના પ્રોજેક્ટ મેનેજર, કુ. રુણમ કૌશિકે તાલીમ આપી હતી.

*-રુણમ કૌશિક*

# તેઓ શીખ્યા; મેં પણ શીખ્યું

મહેશ્વર એક મધ્યકાલીન ઐતિહાસિક શહેર છે. નર્મદાના કાંઠે સ્થિત, આ શહેર તેના સુંદર પર્વતમાળાઓ અને કિલ્લેબંધી માટે જાણીતું છે. હું મારા માતાપિતાની મુલાકાત લેવા મહેશ્વરમાં હતી. હું ગર્લ્સ હાઇસ્કૂલના રહેણાંક વિદ્યાર્થીઓને અભ્યાસ સ્તરે પ્રવૃત્તિઓ અને માર્ગદર્શન આપવા માટે રસ ધરાવતી હોવાથી, મારા પિતાએ આગ્રહ કર્યો કે હું તે શાળાના વડાને મળું. ત્યાં શિક્ષકો સાથેની એક અનૌપચારિક વાતચીત દરમ્યાન, મને જાણવા મળ્યું હતું કે મોટાભાગના વિદ્યાર્થીઓ તેમના નવરાશના સમયને નિષ્ક્રિય રહીને અથવા વ્યર્થ વાતચીત / ચર્ચા કરીને બગાડતા હોય છે. તેથી, તેમના સમયનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં મદદ થાય તે માટે અમે સમય વ્યવસ્થાપન અને ધ્યેય નક્કી કરવા પર તેમના માટે તાલીમ કાર્યશાળા યોજવાનું નક્કી કર્યું. ૩ અને ૮ જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ, મેં 'ટિમ ટિમ તારે' વર્ગ ચલાવવા માટે આવશ્યક તકનીકી ઉપકરણો માટે પર્યાપ્ત ગોઠવણો કરી શક્યા ન હોવાથી; મેં ધોરણ ૯ થી ૧૨ ના ૭૦ વિદ્યાર્થીઓ સાથે કેટલીક પ્રવૃત્તિઓ સહિત એક અરસપરસ ચર્ચા નો સત્ર યોજ્યો હતો. વિદ્યાર્થીઓ તેઓ જે શીખ્યા અને અંતે પાઠ સારાંશ વિશે ખૂબ પ્રશંસાત્મક હતા. કેટલાક ખૂબ ઉત્સાહી હતા; તેઓએ વિનંતી કરી કે હું વારંવાર તેમની શાળાની મુલાકાત લઉં. હું તેમના હકારાત્મક સ્વાગત અને કૃતજ્ઞતા દ્વારા ખુબજ પ્રસન્નતા અનુભવતી હતી.



સ્વયંસેવક તરીકે મને સંપૂર્ણતા ની અનુભૂતિ થઈ, કે હું સમાજ માટે કંઈક સારું કરી રહી છુ. તમારા જ્ઞાન, કુશળતા અથવા સમયના રૂપમાં, પાછું આપવું એ તમને ખુશીની અનન્ય સમજ આપે છે. મેટ્રો શહેરોમાં અમારી જેમ આરામદાયક જીવન જીવવાની તુલનામાં અમને અન્ય લોકો સાથે જોડાવાની તક મળે છે જેઓ ખૂબ ભિન્ન જીવન જીવી રહ્યા છે.

મારા અનુભવ પર ધ્યાન આપતા મને સમજાયું છે કે આવા સત્રો માટે સ્વયંસેવક તરીકે કામ કરવું તે એક-માર્ગી પ્રક્રિયા નથી. આ પ્રક્રિયામાં માત્ર લાભાર્થી નથી જે તેમાંથી કંઈક મેળવે છે. પરંતુ તે એક પરસ્પર લાભદાયી કાર્ય છે. વિદ્યાર્થીઓ સમય વ્યવસ્થાપન અને ધ્યેય નક્કી કરવાના મહત્વ વિશે શીખ્યા અને મેં કૃતજ્ઞતા, પરસ્પર આપ-લે અને સંભાળના મૂલ્યો શીખ્યા.

*-પ્રીતિ પુરોહિત*
*નૈનિતાલ*

# જીવનમાં શ્રેષ્ઠતા માટે જીવન કૌશલ્યો

વિશ્વવ્યાપી અભ્યાસ કહે છે કે, પોતાના કૌશલ્યને વધારવા માટે, કારકિર્દીમાં શ્રેષ્ઠતા અને વૃદ્ધિ પ્રાપ્ત કરવા માટે, શાળા અને કૉલેજમાં જે શીખવવામાં આવે છે તે ઉપરાંત કુશળતા શીખવી જરુરી  છે. આ કુશળતાઓ આવશ્યક જીવન કૌશલ્ય છે. જીવન કૌશલ્ય વ્યક્તિગત જીવનમાં વ્યક્તિગત સ્તર અને કારકિર્દીમાં શ્રેષ્ઠતા પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.

તેથી વર્ષ ૨૦૧૫માં 'ઓલીરમ ઈરોડુ ફ્રાઉન્ડેશને' 'પેરિયાવાલાસુની ઈરોડે કોર્પોરેશન'ની માધ્યમિક શાળામાં "થલિર થીરન થિત્તમ" કાર્યક્રમ પ્રથમવાર કર્યો હતો. તેના પરિણામે, વય જૂથ ૯-૧૩ માં વિદ્યાર્થીઓના વર્તનમાં હકારાત્મક ફેરફાર જોવા મળ્યો હતો - ખાસ કરીને સમય વ્યવસ્થાપન, શીખવા પર ધ્યાન કેન્દ્રિત કરવું, આંતરવ્યક્તિગત સંબંધો, અન્ય જાતિનો આદર વગેરે વગેરે. તેથી આ કાર્યક્રમ કોર્પોરેશનની બધી જ ૪૨ શાળાઓ અને ઇરોડ જીલ્લાના અન્ય વિસ્તારોમાં આવેલ ૫૦થી વધુ  મધ્યમ, ઉચ્ચ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અમલમાં મુકવામાં આવ્યો હતો. પરિણામે ૫૩૦૦ વિદ્યાર્થીઓને ફાયદો થયેલ છે. ૧૨૦થી વધુ શિક્ષકોને જીવન કૌશલ્ય શિક્ષણ પ્રદાન કરવા માટેની તાલીમ આપવામાં આવી હતી. પ્રોગ્રામ અમલમાં મૂક્યા બાદ, તેઓ કહે છે કે, તેઓ તાજગી અનુભવે છે અને જીવન કુશળતાના મહત્વને સમજી શક્યા છે.




વિશ્વના મોટાભાગના યુવાનો ભારતમાં રહે છે. જો આપણે તેમનું કૌશલ્ય વિકસાવીએ તો આપણે વસ્તી વિષયક લાભાંશ વધારી શકીએ છે. આજ કારણોસર અમારી સંસ્થાએ **અપરાજિથા ફાઉન્ડેશન** સાથે જોડાણ કર્યું છે- જે વિદ્યાર્થીઓને જીવન કુશળતા સક્રિયપણે પ્રદાન કરે છે.

*-આર રીજો*
*કાર્યક્રમ કાર્યપાલક*
*ઓરીલમ ઈરોડુ ફ્રાઉન્ડેશન, ઈરોડે*

# શ્રેષ્ઠ પ્રદર્શનકારકો દ્વારા સ્વયંસેવા

સેન્ટર ફોર સસ્ટેનેબલ રૂરલ ડેવલોપમેન્ટ એન્ડ રિસર્ચ સ્ટડીઝ (CSRDRS) જે વેલ્લોર ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી (VIT)નો એક ભાગ છે, તે વેલ્લોરની એક માન્ય વિશ્વવિદ્યાલય છે. તે સામાજિક-આર્થિક રીતે ગરીબ અને સિમાંત વર્ગના બાળકો, યુવા, સ્ત્રીઓ અને ખેડૂતો સાથે લાંબાગાળામાં ટકી રહે તેવા ગ્રામીણ વિકાસ માટે કામ કરે છે. આ પહેલના ભાગ રૂપે, “થલિર થીરન થિત્તમ” કાર્યક્રમને વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન વેલ્લોરમાં એન.કે.એમ. ઉચ્ચતર માધ્યમિક શાળા અને ઈ.વી.આર. નગ્માઈ કોર્પોરેશન કન્યા ઉચ્ચ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને જીવન કૌશલ્ય શિક્ષણ પ્રદાન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ અને શિક્ષકોની પ્રતિસાદના આધારે, તેને ૫ વધુ શાળાઓમાં શરુ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.



તેથી, વીઆઇટીએ જીલ્લા સ્તરે થોડા એવા ધોરણ-૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓની પસંદગી કરી, કે જે હાલમાં યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગ અભ્યાસક્રમોનો અભ્યાસ કરી રહ્યાં છે. તેઓને જીવન કૌશલ્યોમાં તાલીમ આપવામાં આવી હતી. ત્યારબાદ તેઓ સ્વયંસેવક તરીકે ૭ શાળાઓમાં વિદ્યાર્થીઓને જીવન કૌશલ્યો પ્રદાન કરવાનું શરૂ કર્યું.

આ કેન્દ્રના અધ્યક્ષ, ડો. સી. આર. સૌન્દર્યજન કહે છે કે, આ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦માં વધુ ૨૫ શાળાઓમાં કાર્યક્રમને અમલમાં મુકીશું.

*- એમ. સેન્થીલકુમાર*

# પડઘા !

અપરાજિથા લાઈફ સ્કિલ્સ એજ્યુકેશન કાર્યક્રમના ૨૯માં અંકના સમાચાર પત્રિકામાં ૫ રાજ્યોમાં યોજાયેલા જીવન કૌશલ્ય શિક્ષણ કાર્યક્રમનું અસરકારક દસ્તાવેજીકરણ કરેલ છે. દક્ષિણ તામિલનાડુના વિવિધ ભાગોમાં વિદ્યાર્થીઓ પરની અસર અંગેનો અહેવાલ એ સતત પ્રગતિના પુરાવા છે. હું સંચાલક મંડળ અને તાલીમ-શિક્ષકોના પ્રયત્નોની પ્રશંસા કરું છું. ટીટીટી ઘણા વધુ સીમાચિહ્નો પાર કરી શકે છે. અભિનંદન અને આભાર.

*- પ્રો. આર રાજા ગોવિંદસમી*
*નિયામક, મન્નાર થિરુમલાઈ નાસિકાર કૉલેજ, મદુરાઈ*

અભિનંદન! શાળાઓના સામાન્ય સમયપત્રકમાં પ્રવેશ મેળવવો તે ખરેખર એક મહાન સિદ્ધિ છે. તકનીક અને ટીમના પ્રયાસોને આભાર જેના કારણે અમે ઘણા યુવાનોના વિચારોમાં અને તેમના જીવનમાં તેનું અમલીકરણ કરે તેના માટે સક્ષમ કરી રહ્યા છે.

*- દેવાંશી શાહ*
*બ્રાઇટસાઈડ કાઉન્સેલિંગ*
*સિંગાપુર*

ખૂબ સારું કામ છે. મારી ઈચ્છા છે કે તે આપણા મહાન દેશના લાખો લોકો સુધી પહોંચે. બધા ને અભિનંદન.

*- આર. ક્રિષ્નામૂર્થી*
*મદુરાઈ - ૬૨૫૦૨૦*

મને ખુશી છે કે તમારું 'મૂલ્યાંકન' સારા પરિણામો લાવ્યું છે. તમને વધુ સફળતા મળે તેવી શુભેચ્છાઓ.

*- ડૉ એસ. રાધાક્રિષ્ણ*
*હૈદરાબાદ*

મને ખુશી છે કે મેં આ કાર્યક્રમમાં થોડુ યોગદાન આપ્યું છે. સમગ્ર ભારતમાં આ કાર્યક્રમને અમલમાં મુકવા માટે તમારી પાસે શ્રેષ્ઠ લોકો છે. મારી શુભેચ્છાઓ....

*- જે. રાજસેકરન*
*સંગીતકાર, મદુરાઈ*

તમારો પ્રસાર અને પહોંચ ખરેખર આશ્ચર્યજનક છે !!

*-કે. વરદાન*
*મુખ્ય સલાહકાર અધિકારી, અપરજિથા કોર્પોરેટ સેવાઓ (પી) લિમિટેડ, મદુરાઈ*

હું એ લોકોની પ્રામાણિકપણે પ્રશંસા કરુ છું કે જે વિદ્યાર્થીઓનું જીવન કૌશલ્ય વિકસાવવામાં જોડાયા કે જે મોટા ભાગની અથવા બધી શાળાઓનો ભાગ નથી. હું હરિયાણા સરકાર દ્વારા વધુ અમલીકરણ માટે માન્યતા પ્રાપ્ત કરવા માટે ટીમને અભિનંદન આપું છું, ટૂંક સમયમાં જ આપણા તમામ રાજ્યોમાં જોવા મળશે. સારું કામ ચાલુ રાખો.

*- દૈવરાયણ એસ*
*એસોસિયેટ બિઝનેસ મેનેજર, અપરાજિથા કોર્પોરેટ સેવાઓ (પી) લિમિટેડ, બેંગલુરુ*